# ઈરાકમાં ૪૦ ભારતીયોનું અપહરણ



**અપહરણના અહેવાલને વિદેશ મંત્રાલય દ્વારા સમર્થન મળ્યું : તારીકનુર અલહુડા કંપનીમાં કામ કરી રહેલા ભારતીય વર્કરોના અપહરણ બાદ ભાવિને લઈને ચિંતા : સરકાર ઈરાક, માનવતાવાદી સંસ્થાના સંપર્કમાં**

નવી દિલ્હી,તા. ૧૮

હિંસાગ્રસ્ત ઈરાકના મોસુલ શહેરમાં એક પ્રોજેક્ટ માટે કામ કરી રહેલા ૪૦ ભારતીય લોકોનુ અપહરણ કરી લેવામાં આવ્યુંહોવાના અહેવાલને હવે વિદેશ મંત્રાલયે પણ સમર્થન આપી દીધું છે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા સૈયદ અકબરુદીને કહ્યું છે કે, ઈરાક રેડ ક્રેસેન્ટ મુમેન્ટે ૪૦ ભારતીય નાગરિકોના અપહરણના અહેવાલને સમર્થન આપ્યું છે. તારીકનુર અલહુડા કંપનીમાં કામ કરતા ભારતીય નાગરિકોના અપહરણ કરી લેવામાં આવ્યા હતા.તેમણે એમપણ કહ્યું હતુ કે, કોઈપણ પ્રકારની ખંડણીનો ફોન આવ્યો નથી. અપહરણ કરાયેલા ભારતીયો ક્યાં છે તે અંગે પણ કોઈ ભાળ મળી નથી જેથી તેમના ભાવિને લઈને ચિંતાનું મોજું ફરી વળ્યું છે. મંત્રાલયે કહ્યું છે કે, સંપર્ક કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

પ્રયત્ન દેવની જેમ છે, જયારે ભાગ્ય દાનવની જેમ, એવામાં પ્રયત્ન દેવની ઉપાસના જ શ્રેષ્ઠ છે

- ગુરૂ રામદાસ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૯ | ૧૯ જૂન, ૨૦૧૪, ગુરૂવાર; જેઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS નિરસ

### રાજીવ ટોપનો પ્રધાનમંત્રીના અંગત સચિવ નિમાયા

પ્રધાનમંત્રી કાર્યાલયમાં પ્રધાનમંત્રીના અંગત સચિવ તરીકે ગુજરાત કેડરના આઈ.એ.એસ. રાજીવ ટોપનોની આજે નિમણુંકના હુકમો થયા છે. રાજીવ ટોપનોએ ગુજરાતમાં વિવિધ વિભાગોમાં મહત્વની જવાબદારીઓ સફળતા પૂર્વક બજાવી છે.

### રેલવે ઈ-ટીકીટ હવે ખુબ ઝડપથી બુક થશે

ઈન્ટરનેટ મારફતે રેલવે ટીકીટ બુક કરાવવાનું અત્યંત



સરળ અને ઝડપી બનશે. અલબત્ત તે શરૂ થતા હજુ બે મહિના લાગી શકે છે. હાલમાં ૨૦૦૦ ટીકીટ દર મિનિટે બુક થાય છે. નવી સિસ્ટમમાં દર મિનિટે ૭૦૦૦ ટીકીટ બુક થશે. ૧૦૦ કરોડનો ખર્ચ આ પ્રોજેક્ટ પાછળ કરવામાં આવી રહ્યો છે.

### પેટ્રોલ ડિઝલના ભાવ વધશે

ઈરાકની કટોકટી અને નબળા ચોમાસાની આશંકાને



પગલે નરેન્દ્ર મોદીની સરકાર ચિંતામાં મુકાઈ છે. ઈરાક કટોકટી જો વધુ ઘેરી બનશે તો પેટ્રોલ ડિઝલના ભાવો વધી શકે છે. નાણામંત્રી અરુણ જેટલી એ આ બાબતે ચિંતા વ્યકત કરી છે.

### નિહાલચંદ મેઘવાલનું રાજીનામાનો ઈન્કાર

કેન્દ્રીય કેબીનેટના રસાયણમંત્રી અને રાજસ્થાન ભાજપના અગ્રણી નિહાલચંદ મેઘાલે મંત્રી મંડળમાંથી રાજીનામુ આપવાનો ઈન્કાર કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજસ્થાનના ગ્રામ્ય વિસ્તારની એક મહિલાએ નિહાલચંદ સહિત ૧૮ વ્યકિતઓ સામે યૌન શોષણનો કેસ દાખલ કર્યો છે અને કોર્ટે તેમને ઓગસ્ટમાં હાજર થવાનો હુકમ કર્યો છે.

### જાપાનમાં બે લાખનું તડબુચ

જાપાના ઉત્તરે આવેલા હોકાઈડો ટાપુના ટીમા નામના ગામમાં ઉગેલુ તડબુચ માર્કેટમાં વેચાવા માટે મુકાયું ત્યારે તેની



હરાજીની કિંમત અધધ કહી શકાય તેટલી ઉપજી હતી. આ તડબુચ ૨,૦૪૫ પાઉન્ડ એટલે કે બે લાખ રૂપિયામાં વેચાયું હતું.

# વરસાદ ખેંચાતાં ખેડૂત ચિંતાતુર

**કપાસ, મગફળી અને શાકભાજીના પાકોને વરસાદ ખેંચાતા અસરો : ગયા વર્ષે જૂનના અંતમાં વરસાદ થયો હતો**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં જે રીતે વરસાદ ખેંચાયો છે તેને લઈ ખેડૂત ચિંતાતુર બન્યો છે અને પહેલા સારા વરસાદની કાગડોળ રાહ જોઈ રહ્યો છે.

જિલ્લાના બે તાલુકામાં વરસાદના હળવા ઝાપટા થયા છે પણ આ પછી જે રીતે વરસાદ ખેંચાયો છે તેનાથી ખેડૂત વધારે ચિંતાતુર બન્યો છે. બિનપિયત વિસ્તારમાં કપાસનું વાવેતર સુકાવા મંડ્યું છે. જો કે બે દિવસમાં વરસાદ ના થાય તો પરિસ્થિતિ વધુ પાકની બગડી શકે તેવુ ખેડૂતો માની રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૨૪ હજાર હેક્ટરમાં વાવેતર થયું છે તેમાં કપાસનું વાવેતર જ વધારે થયું છે. સમયસર વરસાદ સામાન્યતઃ ૧૫ જૂનનીઆસપાસ થાય તેવું કહેવાય છે. ગયા વર્ષે પણ જૂનના અંતિમ સપ્તાહમાં વરસાદનો પહેલો રાઉન્ડ નોંધાયો હતો.

પાછોતરો વરસાદ સારો થતાં ખેડૂતોને રવિપાકમાં સારો ફાયદો થયો હતો. આ વખતે હજુ ચોમાસુ મોડુ બેસે તેવી શક્યતાઓ છે પરંતુ ખેડૂતોએ ગરમીનું પ્રમાણ જોઈ કપાસ જેવા પાકનું વાવેતર શરૂ કર્યું હતું.

કૃષિ ક્ષેત્રના નિષ્ણાતોના મત મુજબ હાલ વરસાદ ખેંચાયો છે તેવું નહિ પણ આંશિક રીતે વરસાદ ખેંચાયો હોવાનું કહી શકાય. જો કે વરસાદ વિના ખેડૂતો ચિંતાતુર બન્યા છે તેમજ પશુઓ માટેના પૂળાના ભાવમાં વધારો થવા પામ્યો છે.

શાકભાજીના પાકો સામે પણ પાણીની ખેંચ ઉભી થવા પામી છે. ભીંડા અને અન્ય શાકભાજીનો પાક પાણીની અછતને લીધે વિલાવા લાગ્યો હોવાનું ખેડૂતોનું કહેવું છે.

દરમ્યાન રાજ્યના કૃષિ વિભાગે પણ જે જે વિસ્તારોમાં વરસાદ ખેંચાયો છે તેવા વિસ્તારોમાં આકસ્મિક પાક આયોજન તૈયાર કરવા માટેની સૂચનાઓ જારી કરી હોવાનું જાણવા મળ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)



(તસવીર : કશ્યપ નિમાવત)

ગુજરાતમાં યાયાવર પક્ષીઓનું આગમન થઈ ચૂક્યું છે... જો કે હજુ વરસાદ પૂરો શરૂ થયો નથી પણ અલ્પ જળપલ્વિત વિસ્તારોમાં ફલેમીંગો સહિતના પક્ષીઓએ દેખા દીધી છે તેનાથી પક્ષીવિદોમાં આનંદની લાગણી છવાઈ છે... આ વર્ષે ગુજરાતમાં યાયાવર પક્ષીઓ વધુ માત્રામાં આવશે તેવું અનુમાન પક્ષીવિદો દ્વારા થઈ રહ્યું છે.

# ચોમાસુ સક્રિય થવાના મામલે કાચુ કપાયું !

ગાંધીનગર, તા. ૧૮

'નનૌક' નામના વાવાઝોડાની અસરના પગલે સોરઠ-ગીર સોમનાથ જિલ્લા સહિતના સ્થળોએ વરસાદ પડ્યો હતો. વરસાદના પગલે હવામાન કચેરીએ ચોમાસુ સક્રિય થઈ ગયાની જાહેરાત કરી દીધી હતી પરંતુ હજુ ચોમાસુ સક્રિય થયું નથી.

હવામાન વિભાગે ચોમાસુ સક્રિય થવાની જાહેરાતમાં કાચુ કાપી નાખ્યાની હવામાન શાસ્ત્રીઓમાં ચર્ચા છે. હજુ ચોમાસુ સક્રિય થયાનો હવામાન શાસ્ત્રીઓનો દાવો છે. આગામી એક સપ્તાહ સુધી સાર્વત્રીક વરસાદ પડવાની સંભાવના નથી.

હવામાન વિભાગના જાણકારોનું કહેવું છે કે અરબી સમુદ્રમાં 'નનૌક' નામનું વાવાઝોડું સર્જાયા બાદ તેની અસર હેઠળ વેરાવળ દરિયા કિનારાથી વાદળોનો મોટો સમુહે સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો હતો. જેના પગલે ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો. ભારે વરસાદને પગલે હવામાન કચેરીએ ચોમાસાના આગમનની જાહેરાત કરી દીધી હતી જે ભુલ ભરેલી સાબિત થઈ છે.

સોરઠમાંથી 'નનૌક' વાવાઝોડાના કારણે બનેલા વાદળો પોરબંદર, જામનગર, રાજકોટ, ઝાલાવાડ જિલ્લામાં થઈ આગળ વધતા હળવા-ભારે તોફાની ઝાપટા વરસાવી વાદળો પસાર થઈ ગયા હતા. બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં પણ દરિયા કિનારેથી વાદળોએ પ્રવેશ કરતા હળવો વરસાદ પડ્યો હતો.

આમ વાવાઝોડાની અસર હેઠળ પડેલા વરસાદને ચોમાસુ સક્રિય થઈ ગયાની જાહેરાત હવામાન કચેરીએ કરી દીધી છે. પરંતુ હજુ ચોમાસુ સક્રિય નહીં થયાનું હવામાન વિભાગના જાણકારોનું માનવું છે. આગામી એક સપ્તાહ દરમ્યાન વાતાવરણમાં ભેજ સાથે ગરમી વધશે તો છુટા છવાયા સ્થળે હળવા ઝાપટા પડી શકે છે.

જય ગુરૂદેવ

**વેચાણ આલીશાન ફ્લેટ**

સેક્ટર-૨૩, ૩૫૨/એ/ બીગ હોલ, મોટું કીચન, ડાઈનીંગ રૂમ, બે મોટા રૂમ, ત્રણ મોટી ગેલેરી, ગેસ કનેક્શન, બે ગીઝર (ગેસ), ફુલ ફર્નિચર, લીફ્ટ, ૨૪ કલાક પાણી, ચારે બાજુ હવા-ઉજાસ, સ્પાર્ટેક ફ્લોરીંગ, વિશાળ પાર્કીંગ વ્યવસ્થા

સંપર્ક : ૯૮૨૪૫ ૨૪૯૪૪ (ફોન કરી આવવું)

તમામ મુખ્ય સ્કૂલો, કોલેજ, હોસ્ટેલ, મુખ્ય રોડ, પેટ્રોલ પંપ, શોપીંગની મધ્યમાં




